આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૩૫૦ | ૨ માર્ચ, ૨૦૧૩, શનિવાર; મહા વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

'ધન' માત્ર ભોગ-ઉપભોગની જ બાબત નથી એનાથી યશ અને કીર્તિ પણ પ્રાપ્ત થઇ શકે છે
- પ્રેમચંદ

જિલ્લામાં ૧૬,૮૪૫ નવા મતદારો

મતદારયાદી સુધારણા ઝુંબેશમાં જિલ્લાને ૨૩ હજારથી વધુ અરજીઓ : ૨૬ માર્ચે પ્રસિદ્ધ : સૌથી વધુ માણસામાંથી જ્યારે સૌથી ઓછી ગાંધીનગર દક્ષિણની બેઠક પર અરજીઓ નામ દાખલ કરવા માટે મળી છે

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ૧૬,૮૪૫ વ્યક્તીઓએ તેમના નામ મતદાર યાદીમાં દાખલ કરવા માટેની અરજીઓ જિલ્લા તંત્રને રજુ કરી છે. આ નવા નામ દાખલ કરવા સહિત મળેલ જુદી જુદી અરજીઓની સંખ્યા ૨૩ હજાર સાતસો બેતાલીસ જેટલી છે અને તેની ડેટા એન્ટ્રીની કામગીરી એક જ સપ્તાહમાં પૂર્ણ કરી દેવા તંત્રને તાકીદ કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આઈ.આર. મનસુરી આજે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે નવા નામ દાખલ કરવા અંગેની સૌથી વધુ અરજીઓ માણસા વિધાનસભા મત વિસ્તારમાંથી મળી છે. જે ૪૧૬૮ છે. આ પછી બીજા ક્રમે કલોલ વિધાનસભા મત વિસ્તાર આવે છે જ્યાં આવા અરજદારોની સંખ્યા ૩૭૪૫ છે. દહેગામમાંથી ૩૭૩૪ અરજીઓ મળી છે જ્યારે ગાંધીનગર(ઉ) વિધાનસભા મત વિસ્તારમાંથી ૩૫૪૮ અને ગાંધીનગર (દ)માંથી ૧૬૫૦ અરજીઓ મળી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં હાલ ૯ લાખ૯૯ હજાર મતદારો છે. નવા નામ દાખલ કરવા ઉપરાંત ૧૯૦૫ જેટલી અરજીઓ નામ રદ કરવા માટેની પણ છે. જે અંગે ચકાસણીને અંતે નિર્ણયો લેવામાં આવશે.

શ્રી મનસુરીએ જણાવ્યુ હતુ કે નવી મતદારયાદીનો મુસદો ૨૬મી માર્ચના રોજ પ્રસિદ્ધ કરવામાં આવશે. આ સમયગાળા દરમ્યાન નવા નામ દાખલ કરવા અંગે તેમજ મરણ જનાર મતદારોના નામ અંગેની ચકાસણી પૂર્ણ કરી દેવામાં આવશે.

એક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યુ હતુ કે કાર્ડમાં સુધારણા અંગે ૩૫૯૫ જેટલી અરજીઓ મળી છે. જેમાં નામમાં ભૂલ, મતદાર યાદીનો ભાગ જે દર્શાવવામાં આવ્યો હોય તેમાં ભૂલ જેવી બાબતો છે. આ કામગીરી પણ તુરત જ હાથ ધરવામાં આવશે.

શ્રી મનસુરીએ એમ પણ જણાવ્યુ હતુ કે સરનામામાં ફેરફાર થયો હોય તો તેમાં સુધારો કરવા માટે પણ ૧૩૯૭ જેટલી અરજી તંત્રને મળી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ૧૧ ફેબ્રુઆરીથી ૨૬ ફેબ્રુઆરી દરમ્યાન આ સંક્ષિપ્ત મતદારયાદી સુધારમાનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જેમાં ૧૭ ફેબ્રુઆરી અને ૨૪ ફેબ્રુઆરીના રોજ ખાસઝુંબેશ પણ હાથ ધરવામાં આવી હતી.

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેરમાં જ માર્ગ પર આવેલ સંસ્કૃતિ કુંજમાં સંસ્કૃતિની વસંત સોળે કળાએ ખીલી છે. અહિ આસામ તેમજ અન્ય રાજ્યોના કલાકારો દ્વારા તેમની લોકસંસ્કૃતિને વાચા આપતા લોક નૃત્યોની રમઝટ ગાંધીનગરાઓને ડોલાવી રહી છે. પિરામીડ સાથે નૃત્ય તો ઢોલ સાથેના નૃત્યોએ ભારે આકર્ષણ જમાવ્યું છે. આમ તો સંસ્કૃતિકુંજમાં આ વસંતોત્સવ એ લોકસંસ્કૃતિનો અનોખો મેળો બની રહ્યો છે. અહિ ભરત ગુંથણથી લઈ ડેન્ડીક્રાફ્ટની વસ્તુઓથી ભરપુર હાટ પણ એક આગવુ આકર્ષણ છે. સંસ્કૃતિ કુંજમાં ચાલતા આ વસંતોત્સવને જોઈ કવિ ભાગ્યેશ જહાની પંક્તિઓ યાદ આવ્યા વિના રહે નહિ... 'મેળાનું નામ ના પાડો તો સારૂ, મેળો તો મળવાની ધરતી...)

ધણપમાં ૩ વર્ષના બાળકને સ્વાઈન ફ્લુ

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૮ કેસ નોંધાયા જેમાં મહિલાઓનું પ્રમાણ વધુ છે

તંત્ર એ હાથ ધરેલું સર્વેલન્સ, અમદાવાદ સિવીલમાંથી બે દર્દીઓ સ્વસ્થ થઈ જતાં તેમને રજા અપાઈ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર તાલુકાના ધણપ ગામના ૩ વર્ષના બાળકને સ્વાઈન ફ્લુ પોઝીટીવ જણાતાં આરોગ્ય તંત્ર ચોંકી ઉઠયું છે. તંત્ર એ આજે ગામમાં સર્વેલન્સની કામગીરી પણ શરુ કરી દીધી છે.

મળતા અહેવાલો પ્રમાણે ૩ વર્ષના બાળકને સારવાર માટે અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. અને ત્યાં તેની સ્થિતિ સારી હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના ૮ કેસ નોંધાયા છે. આ સિઝનમાં સ્વાઈન ફ્લુના કેસ મહિલાઓમાં વધુ નોંધાયેલા જોવા મળ્યા છે.

અગાઉ ઈસનપુરા મોટામાંથી મળેલ સ્વાઈન ફ્લુના કેસના દર્દીની આયુ ૧ પની હતી આમ બાળકોના ફ્લુનો કહર વધતો જાય છે અને કેસોની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. આ બાળક સાથે અત્યાર સુધીમાં સ્વાઈન બે કેસ અત્યાર સુધીમાં નોંધાયા છે.

આરોગ્ય તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ધણપ ગામમાં હાથ ધરાયેલ સર્વેલન્સ દરમિયાન કોઈ જ નવો શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી. તંત્ર દ્વારા હવે આ વધતા જતા કેસોને લઈ લોકોમાં જાગૃતિ આવે તે માટે એક અભિયાન છેડવાની વિચારણા હાથ ધરી છે.

દરમિયાન અમદાવાદ સિવિલમાં સારવાર હેઠળના બે દર્દીઓ સંપૂર્ણ સાજા થઈ જતાં તેમને રજા આપવામાં આવી છે. આરોગ્યતંત્રના વર્તુળોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ દરેક તબીબોને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા માટે કડક તાકીદ કરી દેવામાં આવી છે.

બનાસકાંઠાના સાંસદ મુકેશ ગઢવીનું અવસાન

પાલનપુર,તા.૧

બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ મુકેશ ગઢવી થોડા દિવસ પહેલા પડી જતાં બ્રેઈન હેમરેજને છવાઈ ગયો હતો.

બનાસકાંઠાના કોંગ્રેસના સાંસદ મુકેશભાઈ ગઢવી છેલ્લાં બે ટર્મથી સાંસદ તરીકે ચૂંટાઈને

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં સારવા માટે ખસેડાયા હતાં જ્યાં ગઈ રાત્રે ૨.૩૦ કલાકે મુકેશભાઈનું અવસાન થતાં તેમના મત વિસ્તારમાં શોકનો માહોલ

બનાસકાંઠાનું પ્રતિનિધિત્વ કરી રહ્યા હતાં. અગાઉ બેવાર દાંતા વિધાનસભાની બેઠક ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયેલા હતાં. પૂર્વ નાણામંત્રી સ્વ. બી.કે.ગઢવીના પુત્ર

મુકેશભાઈ ગઢવી તેમના નિવાસસ્થાને પડી જતાં તેમને અમદાવાદની સ્ટર્લિંગ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં જ્યાં તબીબોએ બ્રેઈન હેમરેજ થયું હોવાનું જણાવ્યું હતું. સારવાર દરમિયાન મુકેશભાઈ ગઢવીની તબિયતમાં થોડો સુધારો પણ થયો હતો પરંતુ ગઈ મધરાત બાદ મુકેશભાઈની તબિયત વધુ

એવા મુકેશ ગઢવીએ તેમના સરળ સ્વભાવ, મૃદુભાષી હોવાને લીધે સારી એવી લોકચાહના મેળવી હતી. થોડા દિવસ પહેલા જ કથળી હતી અને રાત્રે ૨.૩૦ કલાકે અવસાન થતાં તેમનો પરિવાર ભાંગી પડ્યો હતો. મુકેશ ગઢવીના અવસાની થયાની જાણ થતાં જ તેમા સમર્થકો, કોંગ્રેસના આગેવાનો હોસ્પિટલ દોડી ગયા હતાં અને પરિવારના સભ્યોને

સાબરડા ગામ ખાતે અગ્નિસંસ્કાર કરાયો

આશ્વાસન આપ્યું હતું. સ્વ. મુકેશ ગઢવીનો પાર્થિવદેહ આજે સવારે ૮ વાગ્યે તેમના મત વિસ્તારમાં લઈ જવાયો હતો. બપોરે ૧૧ વાગ્યે પાલનપુરમાં કોંગ્રેસ કાર્યાલય ખાતે સ્વ.નો પાર્થિવદેહ કાર્યકરોના અંતિમ દર્શનાર્થે રખાતા

પાલનપુરના તમામ રાજકીય આગેવાનો, કાર્યકરોએ પુષ્પાંજલિ અર્પી હતી. બપોરે ૧૨ વાગ્યા બાદ સ્વ.ના પાર્થિવદેહને તેમના માદરે વતન દાંતા તાલુકાના સાબરડા ગામે બપોરે ૩ વાગ્યે અગ્નિસંસ્કાર કરાયો હતો. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અર્જુન મોઢવાડીયા તથા વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા પણ બપોરે સાંબરડા ગામે જઈ અંતિમક્રિયામાં હાજર રહ્યા હતા. પ્રદેશના ઘણાં અગ્રણીઓ કાર્યકરો પણ સ્વ.ના અંતિમ સંસ્કાર વખતે ઉપસ્થિત રહ્યા હતા.

1800+ 'તલાટીની ભરતી' જગ્યાઓ! ટૂંક સમયમાં
ધો.12 પાસ અને વધુ લાયકાત માટે 'ગુજરાત સરકાર' માં નોકરી!
સંપૂર્ણ કોર્ષની તૈયારી એકજ સ્થળે!
13000+ (વર્ગ-3) (ક્લાર્ક/કોન્સ્ટેબલ...)ની જગ્યાઓ પણ ટૂંક સમયમાં
જાહેરાત પ્રસિદ્ધ થાય તે પહેલાં ઓછી ફી માંયે વધુ શિક્ષણ પ્રાપ્ત કરો!
★ ઉંમર : (18 થી 28) વર્ષ (સામાન્ય કક્ષા)
માસ્ટર કોર્ષ-2013 વર્ગ-3 માટે
90% વધુ પ્રશ્નો પુછાવાની ખાતરી પૂર્વકનું શિક્ષણ
4 માસની પરીક્ષાની તૈયારી | પરિક્ષા સંબંધિત ચૂત્પૂર્વક 2013 | જાહેરાત સમયિત ટૂંક સમયમાં | સંપૂર્ણ સાહિત્ય મફતમાં
• પ્રાયોગિક અને તૈયારી શિબિર • 30,000+ પ્રશ્નોનું સોલ્યુશન • 4000 પ્રશ્નનું સર્જન • 48 અઠવાડિયા • 96 પુરક ટેસ્ટ
• અંગ્રેજી • ગુજરાતી • ગણિત • સામાન્યજ્ઞાન • બુદ્ધિ કસોટીઓ
ફી માત્ર ₹14,000 (F) ₹16,000 (M)
છેલ્લા 10 વર્ષનાં પેપરોનું સોલ્યુશન
28.01.2013 થી TCCI Edu. Pvt. Ltd. ની 20મી બેચ શરૂ
શાખા | વર્ગ શરૂ થવાની તા. | અભ્યાસનો સમય | અભ્યાસ દિવસ
મહેસાણા | 02.03.2013 | 1.00 થી 3.00 | શુક્ર, શનિ, રવિ
ગાંધીનગર | 03.03.2013 | 12.15 થી 2.45 | શનિ / રવિ
KNOWLEDGE VALLEY
TCCI EDUCATION PVT. LTD.
GANDHINAGAR : 9376142037 MEHSANA : 9376142037
HELPLINE NUMBER : 9328714508
01.03.2013 થી TCCI Edu. PVT. Ltd. નવા સ્થળે
KNOWLEDGE VALLEY
રજા રહશે) પાસે, પેથાપુર-મહુડી રોડ, ગાંધીનગર.
સમય : સવારના 10-00 થી સાંજના 4-00 સુધી

SBI તથા અન્ય બેંકોની P.O. તથા CLERK ની પરીક્ષા સફળતાપૂર્વક પાસ કરો
તા.03-03-2013 રવિવાર
તા.૨૮ એપ્રિલ સુધીમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં આવશે.
99256 98721
વિવેકાનંદ એકેડમી

સબ રજિસ્ટ્રાર તથા GPSC ની પરીક્ષા માટે
શનિ-રવિની બ્રિલીયન્ટ બેચ
તા. 03-03-2013 રવિવારથી શરૂ થાય છે.
GPSC ની પરીક્ષા પાસ કરેલ તથા વર્ષોથી સ્પર્ધાત્મક પરીક્ષામાં ટીચીંગનો અનુભવ ધરાવતી ફેકલ્ટીના માર્ગદર્શન હેઠળ તૈયારી કરી સફળતા પ્રાપ્ત કરો..
૬૨ શનિ-રવિ પાંચ પાંચ કલાકનું ટીચીંગ
ચાર માસમાં નિયમીત ટેસ્ટ સાથે અભ્યાસ પૂર્ણ કરવાની ખાતરી
વિવેકાનંદ એકેડમી M:99256 98721
677, સી/ટી માર્ગ, સેક્ટર-22, ગાંધીનગર

AMI TOUR & TRAVELS
ચારધામ-રિ.૧૮
ઉ.તા. ૨૫/૫/૧૩, ૧૮/૬/૧૩
કુલ્લુ-મનાલી-શિમલા-ડેલહાઉસી, વૈષ્ણોદેવી-અમૃતસર-દિલ્હી-જયપુર
રિ.૧૬ ઉ.તા. ૭/૫/૨૦૧૩
ઉ.ભારત : દિલ્હી-હરિદ્વાર-આગ્રા, ગોકુળ-મથુરા-વૃંદાવન-શ્રીનાથજી વિ.
રિ.૧૧ ● ઉ.તા. ૨૧/૩/૨૦૧૩
Goa-મહાબળેશ્વર-લોનાવાલા
રિ.૮ ● ઉ.તા. ૨૫/૪/૨૦૧૩
M. 9713517738
M. 9624639750

TOYOTA Quality Revolution
અથાક સેવા. પુરસ્કૃત.
સ્પેશ્યલ સ્કીમ
કેન્દ્ર અને રાજ્ય સરકારી કર્મચારીઓ માટે
તારીખ : ૨-૩-૨૦૧૩ (સમય : ૧૦ થી ૬)
સ્થળ : ગેટ નં.૧, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર. મો. 7698005991
ETIOS | ETIOS LIVA
INFINIUM TOYOTA Call : 98250 24230 / 33